સુવિચાર : હિંમત એટલે ભયની ગેરહાજરી નહીં... છલોછલ ભયથી ભરેલા મનનો સામનો કરવો એટલે હિંમત... - ઓશો

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૪ | ૫ ડિસેમ્બર, ૨૦૧૫, શનિવાર ; કારતક વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દિલ્હી સરકારનો તઘલખી નિર્ણય

## દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર ઘટાડવા રાજ્ય સરકારનો વિવાદાસ્પદ નિર્ણય : એક દિવસ બેકી નંબર, બીજા દિવસે એકી નંબરના વાહનો રોડ પર દોડશે

## હાઈકોર્ટની કડક ચેતવણીના પગલે એકાએક હરકતમાં આવેલી કેજરીવાલની સરકાર : સમગ્ર દિલ્હીની ધૂળ વેક્યુમ ક્લિનરથી સાફ કરવાની જાહેરાત

નવી દિલ્હી, તા.૪

દિલ્હીમાં પ્રદૂષણની માત્રા ભયજનકરીતે વધી જતાં અને કોર્ટે દિલ્હી સરકારને પ્રદૂષણ ઘટાડવાની ગંભીર ચેતવણી આપ્યા બાદ કેજરીવાલ મંત્રીમંડળે આજે કેટલાક તઘલખી નિર્ણયો લઈ દેશની પ્રજાને માથું ખંજાળવા મજબુર કરી દીધા છે. દિલ્હી સરકારના મુખ્ય સચિવ કેકે શર્માએ આ નિર્ણયની જાણકારી આપતા કહ્યું હતું કે, આગામી ૩-૪ સપ્તાહમાં દિલ્હીના માર્ગો ઉપર વેક્યુમ ક્લિનીંગ કરવામાં આવશે. એટલે કે આખા દિલ્હીમાંથી ધૂળ હટાવી દેવામાં આવશે. આ ઉપરાંત સૌથી મહત્વની બાબતમાં દિલ્હીમાં બેકી નંબરની ગાડી પ્રથમ દિવસ ચાલશે અને એકી નંબરની ગાડી બીજા દિવસે દોડશે. એટલે કે પહેલા દિવસે સમ સંખ્યાવાળી અને બીજા દિવસે વિસમ સંખ્યાવાળી ગાડીઓ દોડશે. આ નિયમ સાર્વજનિક પરિવહન પર લાગુ થશે નહીં અને આને પહેલી જાન્યુઆરીથી જ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.



આ વિચિત્ર નિયમ અંગે કેજરીવાલ સરકાર દ્વારા એવો દાવો કરાઈ રહ્યો છે કે, આ પ્રકારની વ્યવસ્થાથી રાજ્યમાં કાર તથા અન્ય વાહનોથી હવામાં છોડાતા પ્રદૂષણની માત્રા અડધી થઈ શકશે. જોકે, આ નિર્ણયની વ્યવહારિક્તા ઉપર અત્યારથી જ પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે.

આ ઉપરાંત મુખ્ય સચિવ કેકે શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં પ્રવેશ કરનારી ટ્રકોની પણ તપાસ થશે. કેબિનેટે બહારથી આવતી ટ્રકોની એન્ટ્રી પણ રાતના ૯ વાગ્યાના બદલે ૧૧ વાગ્યે કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો છે. આ સાથે જ દિલ્હીમાં વર્ષ ૨૦૧૭થી યુરો-૬ લાવવાની પણ યોજના છે. તેમણે કહ્યું કે, પરિવહનમાં અડચણરૂપ થતી ખામી પણ દૂર કરવામાં આવશે. જ્યારે દાદરીના વીજ પ્લાન્ટથી પણ ઘણુ પ્રદૂષણ ફેલાય છે, આ પરિપેક્ષમાં ઉત્તરપ્રદેશની સરકારને આ પ્લાન્ટ બંધ કરવા માટે પણ વિનંતી

● અનુસંધાન પાન-૭ પર

# ચેન્નાઈમાં સેનાની યુદ્ધના ધોરણે રાહત કામગીરી

### હોડીઓમાં એટીએમ મશીન દ્વારા નાણાંની સુવિધા : લશ્કર અને નેવીના જવાનોની પ્રશંસનીય કામગીરી : યુદ્ધ જહાજ પણ રાહત અને બચાવકાર્ય માટે ઉતારવામાં આવ્યું



ચેન્નાઈ,તા. ૪

તમિળનાડુમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલ ભારે વરસાદ બાદ આજે વરસાદ બંધ રહેતા સ્થિતિમાં થોડાક અંશે સુધાર થયા હોવાના સંકેત મળ્યા છે. વરસાદ બંધ રહેવાથી આદયાર અને કુંભ નદીના પાણીના સ્તરમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત રાહત અને બચાવ કામગીરી પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સતત વરસી રહેલ ધોધમાર વરસાદના કારણે ચેન્નાઈના કેટલાય વિસ્તારમાં પાણી-પાણી થઈ ગયું છે. જોકે, ગત રાતથી બંધ રહેલ વરસાદથી સ્થિતિમાં સુધાર થવાના સંકેત મળી રહ્યા છે. હવામાન વિભાગે અગાઉ ૪૮ કલાક તમિળનાડુ માટે અતિ ભારે વરસાદની આગાહી કરી હતી. પરંતુ સ્થિતિમાં સુધાર થતાં આ એલર્ટ પાછુ ખેંચી લેવામાં આવ્યું છે. ચેન્નાઈના કેટલાક વિસ્તારોમાં પાણી ઘરોમાં બીજા માળ સુધી પહોંચી જતા લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે તથા શહેર તથા શહેરના અન્ય વિસ્તારોમાં રાહત અને બચાવની કામગીરીની મીટ માંડીને લોકો આગાસી પર ચઢી ગયા છે. વરસાદના કારણે મહાનગર અને રાજ્યના અન્ય વિસ્તારમાં મૃતકોની સંખ્યા વધીને ૨૭૦થી વધુ થઈ ચુકી છે. આ ઉપરાંત પુરગ્રસ્ત ચેન્નાઈના વિવિધ વિસ્તારોમાં હવે દૂધ અને પાણી જેવી જરૂરી ચીજવસ્તુઓની ભારે અછત જોવા મળી રહી છે. જેનો લાભ લઈ કેટલાક વેપારીઓ લૂંટ ચલાવી રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.વરસાદના કારણે લોકો બેઘર બન્યા છે. વીજળી, પરિવહન અને ટેલિફોન સેવાઓ સૌથી વધુ પ્રભાવિત થઈ છે.

# કોંગ્રેસ સાથે ગઠબંધનની સપાની આકરી શરત

## મુલાયમસિંહને જ વડાપ્રધાન બનાવવા અખિલેશની યોજના : રાહુલને નાયબ વડાપ્રધાન બનાવો-અખિલેશ

લખનૌ, તા. ૪

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે તેમના પિતા અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવને વડાપ્રધાન બનાવવાની વ્યુહરચના તૈયાર કરી લીધી છે.

અખિલેશ યાદવે આજે દિલ્હીમાં તેમના વિવિધ કાર્યક્રમ દરમિયાન સંવાદદાતાઓ સમક્ષ મહાગઠબંધન વિશે પોતાનો છુપો એજન્ડા જાહેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધનના મુદ્દે સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવ જ વધુ કહી શકશે. પરંતુ મારી ઈચ્છા એવી છે કે, કેન્દ્રમાં આગામી મહાગઠબંધનની સરકાર બને અને દેશના વડાપ્રધાન સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ મુલાયમસિંહ યાદવ જ બને તથા નાયબ વડાપ્રધાન કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી બને. તેમણે એવું ભારપૂર્વક કહ્યું હતું કે, દેશની રાજનીતિમાં આનાથી વધુ સારો વિકલ્પ બીજો મળી શકે તેમ નથી. મુલાયમસિંહ યાદવનો રાજનીતિનો બહોળો અનુભવ છે. આ અનુભવનો લાભ દેશને જરૂર મળશે. જ્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય

● અનુસંધાન પાન-૭ પર



જાહેર આભાર

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચિલોડા (ન) બેઠક ઉપર અમોને જ્વલંત વિજય બનાવવા બદલ ચિલોડા (ન) તથા સોસાયટી વિસ્તાર, રણાસણ, લિંબડીયા, કરાઈ, વલાદ, ફુલપુરા, પ્રભુપુરા, ગોળવંટા, વિરાતલાવડી, વજાપુરા, રાયપુર, મેદરા, વિગેરે ગામના તમામ મતદાર ભાઈઓ-બહેનો, કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો તેમજ સૌ શુભેચ્છકો, ટેકેદારો અને સાથી મિત્રોનો અમો જાહેર આભાર માનીએ છીએ... આ સાથે વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશું તેવો વિશ્વાસ સમગ્ર ગાંધીનગર જિલ્લાની પ્રજાને વ્યક્ત કરીએ છીએ.

રાજીબેન બળદેવજી રાઠોડ
સદસ્ય
ગાંધીનગર જિલ્લા પંચાયત

સવધાનજી મહોતજી રાઠોડ (મો. ૯૮૨૫૪ ૮૪૪૯૦)
પૂર્વ ચેરમેન : જિલ્લા પંચાયત, ગાંધીનગર
મુ.પો. નાના ચિલોડા, ગાંધીવાસ, તા.જી. ગાંધીનગર.

# અસરગ્રસ્તો માટે સાઈના દ્વારા બે લાખનું દાન

ચેન્નાઈ,તા. ૪

સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલે ચેન્નાઈમાં ભારે વરસાદ અને પુરથી પ્રભાવિત લોકો માટે રૂપિયા બે લાખની આર્થિક સહાય જાહેર કરી હતી. સાઈનાના પિતા હરવીર સિંહે આજે કહ્યું હતું કે, સાઈના ચેન્નાઈમાં આવેલ કુદરતી આફતથી પ્રભાવિત નાગરિકો માટે રૂપિયા બે લાખનું દાન કરશે. હું તેની ઈચ્છા પુરી કરીશ. ભારતીય ટેનિસ સ્ટાર સાઈના નહેવાલ હાલ બેંગલોરમાં પોતાના કોચ વિમલકુમાર સાથે ટેનિસ અભ્યાસ કરી રહી છે.

PIZZA POINT™
ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૨૧માં....
Kids Under 10 year's ₹ 99/- only
Variety of Salads
Pasta
Noodle
Stuffed Panini
Cheese Garlic Bread
Variety of Pizza
Soft Drinks Limited
Brownie with Icecream Limited
*Condition Apply
LUNCH ₹139/-* 11:00 am to 3:00 pm
DINNER ₹169/-* 6:30 pm to 10:45 pm
Unlimited... Meal Offer
Wedding Anniversary All Lovely Events Celebrate with us
Fun Time Party Birthday Party Kitty Party Corporate Party
Free Delivery ફ્રી હોમ ડીલીવરી (૩ કિ.મી. ના વિસ્તારમાં ફ્રી હોમ ડીલીવરી) (ઓર્ડર ₹300 ઉપર) રવિવાર તથા જાહેર રજાઓ સિવાય
1st Floor, 3-4-5 R-World,
Sector-21, Gandhinagar
Contact No. 8000 5200 16, 94096 60060

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

## ઓપન ઈન્ટરવ્યુ

**તજજ્ઞ -૧ :** એમ.એસ. ડબલ્યુ, અનુસ્નાતક એક્સટેન્શન એજ્યુકેશન, કોમ્યુનિટી રીસોર્સ મેનેજમેન્ટ, અનુસ્નાતક સોશ્યોલોજી

**સફાઈ કામદાર - ૧ :** ધોરણ - ૮ પાસે

ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ઉમેદવારોએ નીચેના સરનામે પ્રમાણપત્રોની નકલ સાથે તારીખ ૨૨-૧૨-૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે ઉપસ્થિત રહેવું.

**નોંધ : ઉપરોક્ત જગ્યા ફક્ત સ્ત્રી ઉમેદવાર માટે જ છે.**

**સ્થળ : મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર, વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સેક્ટર-૨૨, દેનાબેંક સામે, ગાંધીનગર.**
ફોન : ૨૩૨૪૫૨૨૩, Email Id : mltcgngr@yahoo.com

ઠંડીમાં ગરમા ગરમ સાત્વિક અને સ્વાદિષ્ટ રજવાડી ખીચડી*

શિયાળાની શરૂઆત સાથે જ સ્વાદસભર મેનુમાં મજેદાર વાનગીઓનું આગમન...! આવો, એકવાર ચાખી જુઓ..




*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ

અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
pooja PARLOUR
પૂજા પાર્લર
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162
મો. : 99099 46466